# <u>૨૭ માં એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ શહેર</u>

<u>ક્રિમીનલ ઈન્કવાયરી નં. :– 15565/2024</u>

<u>: : આંક–૦૧ તળે હુકમ : :</u>

હાલની ફરીયાદ રજુ થતાં ફરીયાદ સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા.

ફરીયાદી તેમજ ફરિયાદીના વિ.વકીલશ્રી હાજર. સાંભળ્યા. કલમ –૧૩૮ (બી) ની નોટીસ અને ફરિયાદ દાખલ કરવા સંદર્ભે ફરિયાદીની રજુઆત ધ્યાને લીધી. ફરીયાદીએ ફરિયાદ રજીસ્ટરે લેવાં અરજ કરેલ છે. ફરિયાદી તરફે એવી રજુઆત પણ છે કે ચેકમાં આરોપીની સહી છે જેથી આરોપી વિરુધ્ધ સમન્સ કરવો જોઈએ.

ફરિયાદ હકીકત વંચાણે લીધી. ફરીયાદીએ ફરીયાદ સાથે રજુ કરેલ સોંગદનામુ તેમજ દસ્તાવેજી પુરાવા લીસ્ટ ધ્યાને લીધું. *નામદાર સર્વોચ્ચ <u>અદાલતે ઈન્ડીયન બેંક એસોશીએશન અને અન્ય વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા અને અન્ય, (૨૦૧૪) ૫ એસસીસી ૫૯૦</u>* માં પ્રસ્થાપિત કરેલ સિંઘ્ધાતો ધ્યાને લીધાં.

ફરીયાદ, પુરાવાનું સોગંદનામું, તથા રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતાં, સદર કામે ચેક વંચાણે લેતાં, ચેકમાં **આરોપી–SHYAM RAMBHAI GADHE** નાઓએ સહી કરેલ હોવાનું ફરીયાદી પોતાની ફરીયાદમાં જણાવે છે. પ્રથમ દર્શનીય રીતે હાલની ફરીયાદમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુન્હાના તત્વો આકર્ષાતા હોય તેવું જણાઈ આવે છે. આથી સદર કામે **આરોપી–SHYAM RAMBHAI GADHE** વિરુધ્ધ પ્રોસેસ કાઢવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય, સદર **<u>ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે</u>**.આથી સદર કામે **આરોપી–SHYAM RAMBHAI GADHE** વિરૂધ્ધ બી.એન.એસ.એસ.,૨૦૨૩ ની કલમ–૨૨૭ અન્વયે ધી નેગોશીયેબલ,ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુન્હા સબબનો સમન્સ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર આરોપી વિરુધ્ધ નિયત નમુનામાં સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે, તેમજ સદર આરોપીને પ્રથમ મુદતે જામીન સાથે હાજર રહેવા સમન્સમાં નોંધ કરવાનો હુકમ કરવામાં આવે છે. ફરિયાદીની વિનંતી ધ્યાને લેતાં, ફરિયાદી આરોપીને સમન્સ સામાન્ય રીતે ઉપરાંત આર.પી.એ.ડી. અને ઈ–મેઈલ થી બજાવી શકશે પરંતુ ઈ–મેલ થી બજવણી માટે તેઓએ આરોપીનું ઈ–મેલ એડ્રેસ ખરુ છે તેવું જાહેર કરવાનું રહેશે.

**ફરી મુદત તારીખ : ૧૭–૧૨–૨૦૨૪**

તારીખ : ૨૨–૧૦–૨૦૨૪

સ્થળ : અમદાવાદ

**(કેયુર એ. પટેલ)**
૨૭ માં એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર
(જીજે–૦૧૦૭૫)

(JM)